# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા "ગીર સાવજ" ચણા, જીરૂ અને ઘઉં (સર્ટીફાઈડ/ ટ્રુથફુલ) બિયારણના વેચાણ બાબત

---

આથી ખેડૂતમિત્રોને જણાવવાનું કે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા રવી ૨૦૨૪-૨૫ ઋતુમાં વાવેતર માટે ચણા GJG-3, GG-5 અને GJG-6 (સર્ટિફાઇડ/ટ્રુથફૂલ), ઘઉં Lok-1 અને GW-496 ( ટ્રુથફૂલ) અને જીરૂ GC-4 (ટ્રુથફૂલ) બીયારણ ખરીદી માટે ખેડૂતમિત્રો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવામાં આવેલ. તે અરજીઓના કોમ્પ્યુટરાઈઝ રેન્ડમાઈઝેશન સીસ્ટમથી રેન્ડમાઈઝેશન બાદ પસંદગી પામેલ ખેડૂતોને આ સાથે નીચે જણાવેલ શરતોના ચુસ્તપણે પાલન કરવાની શરતે બિયારણ આપવાનું થાય છે. વધુ માહિતી માટે બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો ફોન નં.૦૨૮૫-૨૬૭૫૦૭૦ તથા ૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ પીબીએક્ષ ૪૫૦ થી સંપર્ક કરવો.

**ઘઉં GJW-463 (ટ્રુથફૂલ)નું વેચાણ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી ખાતેથી વહેલા તે પહેલાના ધોરણે તા.૧૦-૧૦-૨૦૨૪થી શરૂ થનાર છે. જેમાં ખેડૂત દીઠ વધુમાં વધુ ૧૦ બેગ સુધી મળવાપાત્ર થશે.**

રવી ૨૦૨૪-૨૫ ઋતુમાં વાવેતર માટે ચણા, જીરૂ અને ઘઉંના વેચાણ ભાવ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

| પાક અને જાતનું નામ | બિયારણની કક્ષા | સબસીડી સહાય વિનાનો ભાવ | સબસીડી સહાય બાદનો ભાવ |
|---|---|---|---|
| ચણા (GG-5, GJG-6) | સર્ટીફાઈડ | રૂ.૨૩૦૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) | રૂ.૧૧૫૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) |
| ચણા (GG-5, GJG-3, GJG-6) | ટ્રુથફૂલ | રૂ.૧૭૦૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) | સબસીડી સહાય નથી |
| જીરૂ (GC-4) | ટ્રુથફૂલ | રૂ.૮૦૦/- પ્રતિ બેગ (૨ કિલો) | |
| ઘઉં (Lok-1, GW-496, GJW-463) | ટ્રુથફૂલ | રૂ.૧૫૦૦/- પ્રતિ બેગ (૪૦ કિલો) | |

વેચાણનો સમય :- સવારના ૮:૩૦ થી ૧૨:૦૦ તથા બપોરના ૩:૦૦ થી ૫:૩૦

વેચાણનું સ્થળ :- (૧) ચણા અને ઘઉં માટે :- સીડ હબ ગોડાઉન,યુનિવર્સીટી ગેટ નં.-૩, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
(૨) જીરૂ માટે :- મેગાસીડ, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

નોંધ :- ઓનલાઈન અરજીની નોંધણી થયા બાદ નીકળેલ પાવતીની પ્રિન્ટ કાઢીને તેમાં અરજદારે સહી કરી તેને બિયારણ લેવા આવો ત્યારે જમા કરાવવાની રહેશે તેમજ બિયારણ લેતી વખતે અરજીમાં દર્શાવેલ પુરાવા જેવા કે આધારકાર્ડની નકલ, જમીનનો ૮-(અ) નો તાજો અસલ દાખલો (છ મહિનાથી જૂનો દાખલો ચાલશે નહીં), બેંકની પાસબુકના પ્રથમ પાનાની નકલ (અરજદારનો ખાતા નં. અને બેંકનો IFSC નંબર વંચાય તેવો હોવો જોઈએ) અરજીની પહોંચ સાથે રજુ કરવાના રહેશે. ઉપરોકત બધા પુરાવામાં ખેડૂત ખાતેદારની અટક અને નામ એક સરખા હોવા જરૂરી છે. જો ફેરફાર હશે તો અરજી માન્ય ગણવામાં આવશે નહીં.

## "ગીર સાવજ" ચણા, જીરૂ અને ઘઉં (સર્ટીફાઈડ/ ટ્રુથફુલ) બિયારણના મેળવવા માટેની શરતો

1. માન્ય અરજીવાળા ખેડૂત અરજદારભાઈઓને બિયારણ કઈ તારીખે લેવા આવવું તેની માહિતી આપના દ્વારા અરજીમાં નોંધવામાં આવેલ મોબાઈલ નંબર પર SMS થી જાણ કરવામાં આવશે. તથા લીસ્ટ PDF file online યુનિવર્સીટીની વેબસાઈટ પર મુકેલ હશે તે જોઈ લેવી. SMS ન મળેલ હોય અને PDF file માં ખેડૂતનું નામ હોય તો તેમાં જણાવેલ તારીખમાં બિયારણ લેવા આવી શકે છે.
2. બિયારણ ખરીદી માટે અરજદારને ફાળવવામાં આવેલ તારીખે જ બિયારણ મળશે. એટલે કે અરજદારને જે તારીખો બિયારણ લેવા આવવા માટે ફાળવવામાં આવેલ હોય તે તારીખો એજ લઈ જવાનું રહેશે. ફાળવવામાં આવેલ તારીખો એજ ખેડૂત બિયારણ ખરીદવા નહિ આવે તો તેનો દાવો રદ ગણવામાં આવશે અને ત્યારબાદ યાદી મુજબ ક્રમમાં આવતાં અન્ય ખેડૂતને તેનો લાભ મળશે.
3. ખેડૂતમિત્રોએ અરજીમાં જે જાત માટે ઓનલાઈન અરજી કરી હશે તેજ જાતનું બિયારણ આપનો નંબર આવે ત્યાં સુધી અથવા જથ્થો ઉપલબ્ધ હશે ત્યાં સુધી આપની ઓનલાઇન અરજી મુજબ બે હેક્ટર જમીનની મર્યાદામાં વધુમાં વધુ ચણામાં ૫ બેગ (૧૨૫ કિ.ગ્રા.), જીરૂમાં ૫ બેગ (૧૦ કિ.ગ્રા.) અને ઘઉંમાં ૧૦ બેગ (૪૦૦ કિ.ગ્રા.) મુજબ મળવાપાત્ર થશે.

તારીખ:- ૦૯/૧૦/૨૦૨૪
સ્થળ:- જૂનાગઢ

પ્રાધ્યાપક અને વડા
બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી
જૂનાગઢ-૩૬૨૦૦૧